GJPM080000782023

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફરીયાદ આવ્યા તારીખ | ૧૪–૦૩–૨૦૨૩ | | |
| ફરીયાદ રજુ થયા તારીખ | ૧૪–૦૩–૨૦૨૩ | | |
| ફરીયાદ નિકાલ થયા તારીખ. | ૨૧–૦૭–૨૦૨૬ | | |
| સમય ગાળો. | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૪ | ૦૭ |

**ઘોઘંબાના મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ...**

**<u>ક્રિમીનલ કેસ નં.૬૭/૨૦૨૩</u>**
**આંક–**

| **ફરીયાદી.** |
|---|
| શ્રી સરકાર. |

**–:: વિરૂધ્ધ ::–**

| **આરોપી** |
|---|
| (૧) નરવતભાઈ પ્રભાતભાઈ બારીયા,<br>ઉ.વ.૪૯,ધંધો. ખેતી,<br>(૨) દલપતભાઈ નરવતભાઈ બારીયા,<br>ઉ.વ.૨૮,ધંધો. ખેતી,<br>રહે.ઝાબ,પુજાર ફળીયુ, તા.ઘોઘંબા, જી.પંચમહાલ. |

**ફરીયાદ:–આઈ.પી.સી.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪**
**તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબ.**

---

**ફરીયાદી તર્ફે વિ.વ.એ.પી.પી.શ્રી કામોળ**
**તહોમતદાર તર્ફે વિ.વ. શ્રી પી.એસ.ખેર.**

---

## :: ઠરાવ ::

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા. ૩૦–૦૬–૨૦૨૨ ના રોજ ૧૫–૦૦ કલાકના સુમારે મોજે: ઝાબ, પુજાર ફળીયુ, તા. ઘોઘંબા મુકામે આ કામના ફરીયાદી પોતાના ખેતરમા ટ્રેકટરથી ખેડતા હતા અને આરોપી નં.૧ નાએ અમારા શેઢામા કેમ મને પુછયા વગર ખેડે છે તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાની લાકડી ફરીયાદીને ડાબા હાથના પંજા ઉપર અંગુઠા અને આંગળી વચ્ચે મારી દેતા સાધારણ ચામડી ફાટી લોહી નીકળવા લાગેલ તથા ડાબા પગે થાપાની અંદર સાથળ ઉપર મારી દીધેલ અને આરોપી નં.૨ નાએ મા–બેન સમાણી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગડદા પાટુનો માર મારી, એકબીજાની મદદગારી કરી, મે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પંચમહાલના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા સબંધે ફરીયાદીએ રાજગઢ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી હતી જે અન્વયે રાજગઢ પોલીસે પાર્ટ–બી, ગુ.ર.નં.૧૧૨૦૭૦૫૫ ૨૨૦૨૯૭/૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતા –૧૮૬૦ (સરળતા ખાતર, પીનલકોડ) ની કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો નોંધવામાં આવ્યો હતો. જે ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા અત્રે ચાર્જશીટ રજુ કરવામાં આવ્યુ હતુ.

(૨) સદર ચાર્જશીટ રજુ થતા કોગ્નીઝન્સ લઈ આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવ્યા હતા જેની ધોરણસરની બજવણી થઈ હતી જે અન્વયે આરોપીઓ તેમના વકીલશ્રી મારફતે અત્રે હાજર રહયાં છે. ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ (સરળતા ખાતર''સંહિતા'') ની

કલમ–૨૦૭ અન્વયે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વીના મુલ્યે પુરી પાડવામાં આવી હતી.ગુન્હા અંગે કરવામાં આવેલી સજાની જોગવાઈઓ ધ્યાને લેતા હાલનો કેસ વોરંટ ટ્રાયેબલ કેસ હોઈ '' સંહિતા''ની કલમ–૨૪૦(૧) અન્વયે આરોપીઓ વિરુધ્ધ આંક–૩ થી તહોમતનામુ ઘડવામાં આવ્યુ હતુ તેમજ ''સંહિતા'' ની કલમ – ૨૪૦(૨)અન્વયે પ્રશ્નો પુછી આરોપીઓનું નિવેદન આંક–૪,૫ થી નોંધવામાં આવ્યુ છે. જે અન્વયે આરોપીઓએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરી પોતે ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતા હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી વોરંટ ટ્રાયેબલ કેસ તરીકે શરુ કરવામાં આવી હતી.

(૩) હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ ઉપર આધાર રખાયો છે.

(એ) **મૌખિક પુરાવા :–**

| અનુ.નં | વર્ણન. | આંક. |
|---|---|---|
| ૧ | સાહેદનં.૧,પરષોતમભાઈ અનસીંગ બારીયા (ફરીયાદી) ની જુબાની. | ૧૮ |
| ૨ | સાહેદનં.૨,અનસીંગભાઈ મકાભાઈ બારીયાની જુબાની. | ૨૦ |
| ૩ | સાહેદનં.૩,વિકાસભાઈ બળવંતભાઈ બારીયા ની જુબાની. | ૨૧ |
| ૪ | સાહેદ નં.૪,બારીયા અલસીંગભાઈ મકાભાઈ ની જુબાની. | ૨૨ |
| ૫ | સાહેદ નં.૫,વિજયભાઈ દેવાભાઈ બારીઆ ની જુબાની. | ૨૪ |
| ૬ | સાહેદ નં.૬,જસીબેન અનસીંગભાઈ બારીઆ ની જુબાની. | ૨૫ |
| ૭ | સાહેદ નં.૭,કિરણભાઈ રમણભાઈ બારીયા (પંચ) ની જુબાની. | ૨૬ |

| | | |
|---|---|---|
| ૮ | સાહેદ નં.૮,ડો. જય મુકતીલાલ શાહ (મેડીકલ ઓફીસર) ની જુબાની. | ૨૯ |
| ૯ | સાહેદ નં.૯, કિર્તેશકુમાર નટવરલાલ પટેલ (તપાસકર્તા અધિકારી) ની જુબાની. | ૩૧ |
| ૧૦ | સાહેદ નં.૧૦,પરેશકુમાર વખતસિંહ બારીઆ ની જુબાની. | ૩૪ |

**(બી) દસ્તાવેજી પુરાવા:–**

| અનુ.નં | વર્ણન. | આંક. |
|---|---|---|
| ૧ | ફરીયાદ. | ૧૯ |
| ૨ | આરોપીની શરીર સ્થિતિ તથા મુદૃામાલ રીકવરી પંચનામુ | ૨૭ |
| ૩ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ. | ૨૮ |
| ૪ | ઈજા પામનાર નુ મેડીકલ સર્ટિફિકેટ. | ૩૦ |
| ૫ | તપાસ ડેપ્યુટ હુકમ. | ૩૨ |

(૪) ઉપરોકત પુરાવાઓ સિવાય ફરીયાદ પક્ષ તર્ફે વધુ કોઈ પુરાવો રજુ કરેલો નથી. ફરીયાદ પક્ષનો ઉપર મુજબ નો પુરાવો પુરો થતા ક્રિ.પ્રો.કોડ ની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનુ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષના સાહેદોના પુરાવાની મહતવની હકીકતોનો ઈન્કાર કરેલો છે અને પોતે બચાવના સાહેદ તપાસવા માંગતા નથી કે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નહિં હોવાનુ જણાવી વિશેષ હકીકતમાં '' પોતે નિર્દોષ છે '' તેવી હકીકત જણાવી છે.

ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી કામોળ ની તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી પી.એસ.ખેર ની દલીલો સાંભળવામા આવી.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા મારી સમક્ષ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–::: મુદ્દાઓ :::–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત પુરાવાર કરે છે કે, તા. ૩૦–૦૬– ૨૦૨૨ ના રોજ ૧૫–૦૦ કલાકના સુમારે મોજે: ઝાબ, પુજાર ફળીયુ, તા. ઘોઘંબા મુકામે આ કામના ફરીયાદી પોતાના ખેતરમા ટ્રેકટરથી ખેડતા હતા અને આરોપી નં.૧ ના એ અમારા શેઢામા કેમ મને પુછયા વગર ખેડે છે તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાની લાકડી ફરીયાદીને ડાબા હાથના પંજા ઉપર અંગુઠા અને આંગળી વચ્ચે મારી દેતા સાધારણ ચામડી ફાટી લોહી નીકળવા લાગેલ તથા ડાબા પગે થાપાની અંદર સાથળ ઉપર મારી દીધેલ અને આરોપી નં.૨ નાએ મા–બેન સમાણી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગડદા પાટુનો માર મારી, એકબીજાની મદદગારી કરી, મે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પંચમહાલના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબના સજાને પાત્ર ગુન્હા કરેલા છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા જવાબ નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :–ઈ.પી.કો.કલમ–૩૨૩ સાથે વાંચતા કલમ–
૧૧૪ મુજબના ગુન્હા પુરતો હકારાત્મક.
જયારે ઈ.પી.કો.કલમ–૫૦૪,૫૦૬(૨) સાથે
વાંચતા કલમ–૧૧૪ તથા જી.પી.એકટની
કલમ–૧૩૫ પુરતો નકારાત્મક.

મુદ્દા નં.૨ :–આખરી હુકમ મુજબ.

(૭) **:: કારણો ::**

**મુદ્દા નંબર:– ૧.**

આ કામના આરોપી સામે હાલનો ફોજદારી કેસ હોઈ જેથી ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ તેમજ તે સંદર્ભે લાગુ પડતા સાબીતીના ધોરણો અન્વયે ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે. વધુમાં ફોજદારી કેસ જયારે શરુ કરવામાાં આવે ત્યારે આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે જ શરુ થાય છે તેમજ ભારતીય પુરાવા ધારા ની કલમ–૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈઓ ઘ્યાને લેતા આરોપી સામેના  આક્ષેપો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે અને આ પુરાવાનો બોજ આરોપી ઉપર કયારેય તબદીલ થતોનથી સિવાય કે લાગુ પડતા કોઈ કાયદામાં તે સંદર્ભે કોઈ ખાસ પ્રકારની જોગવાઈ કરવામાં આવી હોય. ફોજદારી કેસના ટ્રાયલ દરમ્યાન આરોપીએ સંપૂર્ણ રીતે ચુપ રહેવાનો અધિકારછે અને આરોપીના મૌનને કારણે કોઈ વિરુઘ્ધ નુ અનુમાન કરી શકાય નહી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના '' **કાલીરામ વિ... સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ'' (૧૯૭૩)(૨)એસસીસી પા.નં. ૮૦૮** ના ચુકાદામાં જે પાયાના મુળભુત સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ઘ્યાને લેવા જરુરી છે. તેમાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જયાં સુધી તે અનુમાન નુ ફરીયાદ પક્ષ

પુરાવા રજુ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી તકસીરવાન છે તે પુરવાર કરવાની જવાદારી ફરીયાદ પક્ષ ની છે અને જયાં સુધી ફરીયાદ પક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહિં. વધુમાં કોઈ ખાસ પ્રકારના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદ પક્ષ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિં. વધુમાં જો ફરીયાદ પક્ષ તે હકીકત પુરવાર કરે ત્યારબાદ આરોપી વિરુધ્ધનુ અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાન ને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપી ઉપર પણ તે હકીકતોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવા સંદર્ભે સાબીતીનુ ધોરણ પ્રબળતાની સંભવિતતાના સિધ્ધાંતો મુજબનુ હોય છે.

(૮) હવે આકામના આરોપી સામે આઈ.પી.સી.કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ ના ગુન્હા સબબ આક્ષેપ મુકવામાં આવેલ છે ત્યારે તે સંદર્ભે ગુન્હાના આવશ્યક તત્વો ધ્યાને લેવા તેમજ અત્રે નોંધવા જરુરી છે જે નીચે મુજબ છે.

– પીનલ કોડ ની કલમ–૩૨૩ અન્વયેનો ગુન્હો પુરવાર કરવાના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

૧) આરોપીએ શારીરીક પીડા,રોગ અથવા અશકિત નિપજાવ્યા.

૨) આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે, સ્વેચ્છાપૂર્વક કર્યુ હતુ.

– પીનલકોડ ની કલમ–૫૦૪ અન્વયેનો ગુન્હો પુરવાર કરવા માટેનાં આવશ્યક તત્વો નીચે મુજબ ના છે.

૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિત નુ અપમાન કર્યુ,

૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગણી હતી,

૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતિ નો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

– પીનલકોડ ની કલમ–૫૦૬(૨) અન્વયેનો ગુન્હો પુરવાર કરવા માટે આરોપી ધ્વારા ફરીયાદી ને મૃત્યુ નિપજાવવાની ધમકી આપવામાં આવી હોવાની હકીકત પુરવાર થવી જોઈએ.

– પીનલકોડ ની કલમ–૧૧૪ અન્વયેનો ગુન્હો પુરવાર કરવા આવુ કૃત્ય આરોપીઓએ એકબીજાની મદદગારી કરેલુ હોવાની હકીકત પુરવાર થવી જરૂરી છે.

(૯) આરોપી સામેના ઉપરોકત ગુન્હા સંદર્ભે જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે અંગે હવે ચર્ચા કરવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસ મુજબ તા. ૩૦–૦૬– ૨૦૨૨ ના રોજ ૧૫–૦૦ કલાકના સુમારે મોજે: ઝાબ, પુજાર ફળીયુ, તા. ઘોઘંબા મુકામે આ કામના ફરીયાદી પોતાના ખેતરમા ટ્રેકટરથી ખેડતા હતા અને આરોપી નં.૧ નાએ અમારા શેઢ ામા કેમ મને પુછયા વગર ખેડે છે તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાની લાકડી ફરીયાદીને ડાબા હાથના પંજા ઉપર અંગુઠા અને આંગળી વચ્ચે મારી દેતા સાધારણ ચામડી ફાટી લોહી નીકળવા લાગેલ તથા ડાબા પગે થાપાની અંદર સાથળ ઉપર મારી દીઘેલ અને આરોપી નં.ર નાએ મા–બેન સમાણી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગડદા પાટુનો માર મારી, એકબીજાની

મદદગારી કરી, મે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પંચમહાલના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ હાલનો ગુન્હો આચરેલ હોય જેથી ફરીયાદી એ આરોપીઓ વિરુધ્ધ પોલીસ સમક્ષ ફરીયાદ આપેલી હતી.

(૧૦) ફરીયાદ પક્ષ આરોપી સામે ઉપરોકત મુજબના ગુન્હાની હકીકત પુરવાર કરવા માટે હાલના કેસમાં જે પુરાવો રજુ કરેલ છે તેની ચર્ચા કરવામાં આવે તે પહેલા સાહેદોના પુરાવા જોઈએ તો, આ કામના ફરીયાદી ઈજા પામનાર ભોગ બનનાર બનાવ નજરે જોનાર સાહેદ છે. જેઓને ફરીયાદ પક્ષ તરફથી આંક–૧૮ થી તપાસેલા છે. જયારે આંક –૨૦ થી સાહેદ અનસીંગભાઈ મકાભાઈ બારીઆને તપાસવામા આવેલા છે.સાહેદ તેમના પુરાવામા બનાવના દિવસે તેમનો છોકરો ટ્રેકટર લઈને તેમના ખેતરમા ખેડવા ગયેલ અને શેઢા બાબતે આરોપીએ તેમના છોકરાને મારેલો. બનાવ સમયે પોતે બીજા ખેતરમા કામ કરતા હતા અને બુમાબુમ થતા પોતે પોતાના છોકરા જોડે પહોંચેલા ત્યારે આરોપીઓ પથરા લઈને ઉભા થતા પોતે ત્યાંથી નાસીને આવતા રહેલા હોવાની હકીકત જણાવી છે ઉલટ તપાસમા પણ બનાવ બન્યો ત્યારે બીજા ખેતરમાર હોવાની તમેજ પોતાના છોકરાને કોણે મારેલ તે જોયેલુ નહિ હોવાની અને બનાવની જાણ પોતાને વાતોવાતથી થયેલી હોવાનુ જણાવેલ છે જેથી સાહેદ બનાવ નજરે જોનાર નથી. **જયારે આંક–૨૧ થી સાહેદ વિકાસભાઈ બળવંત ભાઈ બારીઆ ને તપાસેલા છે. સાહેદ બનાવનજરે જોનાર સ્વતંત્ર સાહેદ હોવાનુ મળી આવે છે.** જયારે ફરીયાદપક્ષે આંક–૨૨ થી તપાસેલા સાહેદ ફરીયાદીના પિતા રસ ધરાવતા સાહેદ છે પરં તુ સાહેદ અલસીંગભાઈ મકાભાઈ બનાવ નજરે જોનાર નથી. આં

ક–ર૪ ના સાહેદ  વિજયભાઈ દેવાભાઈનો પુરાવો જોતા હીયર સે સાહેદ છે બનાવ નજરે જોનાર નથી. આંક–ર૫ ના સાહેદ જશીબેન અણસીગભાઈ બારીઆ પણ ઈજા પામનાર ફરીયાદીની માતા છે  યાને રસ ધરાવતા સાહેદ છે પરંતુ બનાવ નજરે જોનાર નથી. જયારે આંક–૩૪ ના સાહેદ પરેશકુમાર વખતસિંહ બનાવ સ્થળે હાજર હતા જેથી પણ સાહેદ મહત્વના સાહેદ છે.

આમ, ફરીયાદ પક્ષના ઉપરોકત મહત્વના સાહેદો પૈકી ફરીયાદી બનાવ નજરે જોનાર ભોગબનનાર રસ ધરાવતા સાહેદ છે. જયારે આંક–ર૧ ના સાહેદ બનાવ નજરે જોનાર સ્વતંત્ર સાહેદ જયારે આંક–૩૪ ના સાહેદ બનાવ સ્થળે હાજર સાહેદ છે જેથી સદર ત્રણ સાહેદોના પુરાવા ઉપર ફરીયાદપક્ષના કેસનો મહત્વનો આધાર રહેલ હોવાનુ મળી આવે છે.

તે સિવાયના અન્ય સ્વતંત્ર સાહેદોમા પંચો સાહેદો  તથા ડોકટર સાહેદ છે તથા અન્ય સાહેદોમા ત.ક.અ. પોલીસ સાહેદ છે.

(૧૧) હવે ઉપરોકત હકીકતો જોયા બાદ ચર્ચા કરીએ તો, ફરીયાદપક્ષે ફરીયાદી પરષોતમભાઈ અનસીંગભાઈ બારીયા ને આંક–૧૮ થી તપાસવામા આવેલા છે. સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં '' બનાવ તા. ૩૦–૦૬–ર૦રર ના રોજ બનેલો. બનાવના દિવસે હું ટ્રેકટર લઈને મારા ખેતરમા ખેડતો હતો અને મારા ખેતરને અડીને આ નરવતસિંહનાઓના ખેરતનો શેઢો આવેલો છે તે શેઢો મે ખેડયો ન હતો તેમ છતા આ કામો શેઢો કેમ ખેડી નાખ્યો તેમ કહી ચાલુ ટ્રેકટરમાંથી જ આ નરવત પ્રભાત અને દલપત પ્ર ભાતનાઓએ મને ખેંચીને નીચે પાડી દીધેલો અને લાકડીઓથી

મને આખા શરીરે માર મારેલો અને આ બનાવ સમયે મારા કાકાનો છોકરો વિકાસ ત્યાં હાજર હોય તેણે ઘરે ફોન કરેલો અને ૧૦૮ બોલાવેલી અને મને સારવાર માટે ઘોઘંબા સરકારી દવાખાને લાવેલા જયા સારવાર કરીને મને તરત જ રજા આપી દીધેલી અને તે જ દિવસે રણજીતનગર સારવાર કરાવવી પડશે તેવુ જણાવતા રણજીતનગર સારવાર કરાવેલી. આ બનાવ સબંધી ફરીયાદ મે બનાવના દિવસે સારવાર કરાવ્યા બાદ રાજગઢ પોલીસ સ્ટેશનમા આપેલી જેમા મારી સહી છે જેને રજુ દાખલ આંક –૧૯ આપવામા આવે છે તેવી હકીકત જણાવી છે તેમજ સાહેદે આરોપીઓ ને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ ફરીયાદીની બચાવપક્ષ તર્ફે ઉલટ તપાસ કરવામા આવેલી છે જેમાં ફરીયાદીએ એ વાત ખરી છે કે, આ કામના આરોપીઓ અમારા કુટુંબી છે અને એકજ ગામમા રહીએ છીએ. એ વાત ખરી છે કે, અમારી અને આરોપીઓની જમીન જોડે જોડે આવેલી છે. એ વાત ખરી છે કે, બીજા ખેતરના શેઢા બાબતે અમારે ઝગડા થતા હતા. એ વાત ખરી છે કે, મે ફરીયાદમા ટ્રેકટરથી ખેડવા ગયેલો તેનો નંબર લખાવેલ નથી. **એ વાત ખરી છે કે, ત્યાં આજુબાજુ ખેતરો હોય ઘણા બધા લોકો હતા. એ વાત ખરી નથી કે બુમાબુમ થતા ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા. સાહેદ જણાવે છે કે બે માણસો હતા.**ત્યારે ફરીયાદીની ફરીયાદ–એફ.આઈ.આર જોઈએ તો, ફરીયાદમા બુમાબુમ કરતા નજીકમાંથી પોતાનો ભાઈ વિકાસ તથા પોતાનો ભત્રીજો પરેશભાઈ દોડી આવી પોતાને વધુ મારમાંથી છોડાવેલા હોવાની હકીકત જણાવી છે જેથી ફરીયાદવાળા બનાવ સમયે ફરીયાદીએ પુરાવાથી જણાવ્યા મુજબ

ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા નહિ પરંતુ ભાઈ વિકાસ અને ભત્રીજો પરેશ બુમાબુમ થતા આવી ગયેલા હોવાની અને તેઓએ ફરીયાદીને વધુ મારમાંથી છોડાવેલા હોવાની હકીકત સ્પષ્ટ થાય છે ત્યારે બચાવ પક્ષે જે સ્વતંત્ર સાહેદો બનાવ સ્થળે હાજર હોવા છતા અન્ય કોઈ સાહેદોના નિવેદનો લેવામા આવેલા નહિ હોવાનો જે બચાવ ઉલટ તપાસમા તે વિષયક પ્રશ્નો પુછી લેવાનો પ્રયત્ન કરેલ છે તે બચાવ ટકવાપાત્ર રહેતો નથી. વધુમાં ફરીયાદી સાહેદે આગળ વધુ ઉલટ તપાસમા એવી હકીકત સ્વીકારી છે કે એ વાત ખરી નથી કે, બનાવની ફરીયાદ બીજા દિવસે આપેલ. એ વાત ખરી નથી કે બનાવ તા. ૩૦–૦૬–એ બનેલો અને તેની ફરીયાદ તા. ૦૧–૦૭ ના આપેલી. તેવી હકીકત સ્વીકારી છે. આમ, બચાવ પક્ષે સાહેદના ઉલટ તપાસના માધ્યમથી ફરીયાદ મોડી આપવામા આવેલી હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન કરેલો છે  પરંતુ સાહેદ વિચલીત થયેલા નથી. હવે એફ.આઈ.આર જોઈએ તો, બનાવ તા. ૩૦–૦૬–૨૦૨૨ ના રોજ ૧૫–૦૦ કલાકે બનેલો હોવાની હકીકત છે. જયારે બનાવની પોલીસ મથકે જાણ કર્યા ની યાને કે ફરીયાદ તા. ૦૧–૦૭–૨૦૨૨ ના રોજ ૦૦–૧૦ કલાક ના સુમારે સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૨/૨૨ થી થયેલી હોવાની હકીકત  જોવા મળે છે. હવે તે સંદર્ભે રજુ થયેલ મેડીકલ સર્ટીફિકેટ જોતા આંક–૩૦ થી રજુ થયેલ છે જે તા. ૩૦–૦૬–૨૦૨૨ ના રોજનુ હોવાનુ મળી આવે છે મેડીકલ સર્ટીફિકેટ ની હકીકત જોતા ઈજા પામનાર પી.એસ.આઈ. રાજગઢ પોલીસ સ્ટેશન ની  તા. ૦૧–૦૭–૨૦૨૨ ની યાદી સાથે રણજીતનગર મુકામે સારવાર માટ ગયેલા હોવાનુ મળીઆવે છે ત્યારે ફરીયાદીએ પોતાના

સોગંદ ઉપરના પુરાવામા એ હકીકત સ્પષ્ટ જણાવેલ છે કે, ૧ ૦૮ બોલાવેલી અને પોતાને સારવાર માટે ઘોઘંબા સરકારી દવાખાને લાવેલા જ્યા સારવાર કરીને મને તરત જ રજા આપી દીધેલી અને તે જ દિવસે રણજીતનગર સારવાર કરાવવી પડશે તેવુ જણાવતા રણજીતનગર સારવાર કરાવેલી તેવી હકીકત જણાવી છે તે જોતા સ્પષ્ટ થઈ જાય છે કે તા. ૩૦–૬– ના રોજ બનેલ બનાવની સારવાર માટે સાહેદ ને પ્રથમ ઘોઘંબા સરકારી દવાખાને લાવેલા જ્યા તેમની સારવાર કરી તરત જ રજા આપી દીધેલી અને રણજીતનગર સારવાર કરાવવી પડશે તેવુ જણાવતા ફરીયાદી પ્રથમ બનાવની ઘોઘંબા–રાજગઢ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપવા ગયેલા અને જ્યા પોલીસને ફરીયાદીએ બનાવની વાત કર્યા બાદ ફરીયાદ નોંધેલી અને પી.એસ.આઈ. રાજગઢ નાઓએ સારવાર માટે યાદી લખી આપતા સાહેદ તેવી યાદી સાથે રણજીતનગર પી.એચ.સી. ખાતે પોતાને થયેલી ઈજા ઓની સારવાર માટે ગયેલા છે અને સારવાર કરાવેલી છે તે હકીકત રેકર્ડ ઉપર આવે છે ત્યારે પણ બચાવપક્ષનો તેવો બચાવ મોડી ફરીયાદ યાને કે બનાવ ૩૦–૦૬–એ બનેલો અને તેની ફરીયાદ તારીખ : ૧–૭–૨૦૨૨ ના રોજ આપેલી હોવાનો બચાવ ટકવાપાત્ર રહેતો નથી. વધુમા બચાવ પક્ષે પોલીસ સાથે મેળાપીપણુ કર્યા બાદ ફરીયાદ આપી હોવાનો બચાવ લીધેલો છે પરંતુ ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમા એ હકીકત સ્પષ્ટ જણાવી છે કે, એ વાત ખરી છે કે, અમો પોલીસ સ્ટેશન ગયા બાદ અમોએ બનાવની વાત કર્યા પછી પોલીસે અમારી ફરીયાદ લીધેલી તેવી હકીકત સ્પષ્ટ સ્વીકારી છે ત્યારે સામાન્યત: સમજી શકાય એવી વાત છે કે, કોઈ વ્યકિત

કોઈપણ બાબતની ફરીયાદ કે અરજી કરવા પોલીસ સ્ટેશન જાય તો સ્વાભાવિક રીતે પોલીસ બનાવ અંગેની પુછપરછ કરે અને તે બાદ ફરીયાદ નોંધે. ત્યારે માત્ર પોલીસને બનાવ અંગેની વાત કર્યા બાદ પોલીસે ફરીયાદ નોંધેલી હોવા માત્ર થી ફરીયાદીએ પોલીસ સાથે સાં ઠગાંઠ કરી ફરીયાદ આપેલી હોવાનુ માની લઈ શકાય નહિ અને તે રીતે બચાવપક્ષનો તેવો બચાવ પણ ટકવા પાત્ર રહેતો નથી.આમ, ફરીયાદીના મૌખિક પુરાવાનુ બારીકાઈપૂર્વક વિશ્લેષણ કરવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસ મુજબ ફરીયાદી એ પોતાના સોગંદ ઉપરના પુરાવામા પણ સ્પષ્ટ જણાવેલ છે કે,પોતે શેઢો ખેડયો ન હોવા છતા મારો શેઢો કેમ ખેડી નાખ્યો તેમ કહી ચાલુ ટ્રેકટરમાથી જ આરોપી નરવત પ્રભાત અને દલપતપ્રભાત નાઓએ ફરીયાદીને ખેંચીને નીચે પાડી દીધેલા અને લાકડીઓથી ફરીયાદીને આખા શરીરે માર મારેલો તેવી હકીકત સ્પષ્ટ જણાવી છે જે જોતા બંને આરોપીઓએ ફરીયાદીને લાકડીઓથી માર મારેલ હોવાની હકીકત સ્પષ્ટ થઈ જાય છે. સામાન્ય સંજોગોમા જયારે કોઈ વ્યકિતને એક સાથે બે વ્યકિતઓ ઘ્વારા માર મારવામા આવી રહયો હોય ત્યારે તેઓને ખરેખર કયા આરોપી પૈકી કયા આરોપીએ ચોકકસ કઈ ઈજા પહોંચાડી તે ચોકકસપણે કહી શકે નહિ તે સ્વાભાવીક છે પરંતુ ફરીયાદીએ પોતાના સોગંદ ઉપરના પુરાવામા બંન્ને આરોપીઓ એ લાકડીઓથી પોતાના આખા શરીરે માર મારેલ હોવાના સ્પષ્ટ કથનો કરેલા છે.

આ સંદર્ભે ચર્ચા કરવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના '' **શાહજહાન ઈસ્માઈલ મોહંમદ શેખ વિ... સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર** '' **ક્રીમીનલ અપીલ નં. ૭૩૯/૨૦૧૭ ના કામમાં તા. ૧૪**

**–૭–૨૦૨૨** ના રોજ આપેલ ચુકાદો જોવામાં આવે તો તેમાં મૌખિક પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવી તે અંગે વિસ્તૃત છણાવટ કરેલી છે તે ચુકાદાના પેરા–૨૭,૨૮,૩૦ અત્રે નોંધવા જરુરી છે.

"**27.** The appreciation of ocular evidence is a hard task. There is no fixed or straight-jacket formula for appreciation of the ocular evidence. The judicially evolved principles for appreciation of ocular evidence in a criminal case can be enumerated as under :

While appreciating the evidence of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the Court to scrutinize the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief.

If the Court before whom the witness gives evidence had the opportunity to form the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had not this benefit will have to attach due weight to the appreciation of evidence by the trial court and

unless there are reasons weighty and formidable it would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial details.

When eye-witness is examined at length it is quite possible for him to make some discrepancies. But courts should bear in mind that it is only when discrepancies in the evidence of a witness are so incompatible with the credibility of his version that the court is justified in jettisoning his evidence.

Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole.

Too serious a view to be adopted on mere variations falling in the narration of an incident (either as between the evidence of two witnesses or as between two statements of the same witness) is an unrealistic approach for judicial scrutiny.

By and large a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen.

Ordinarily it so happens that a witness is overtaken by events. The witness could not have

anticipated the occurrence which so often has an element of surprise. The mental faculties therefore cannot be expected to be attuned to absorb the details.

The powers of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image on one person's mind whereas it might go unnoticed on the part of another.

By and large people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder.

In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the time-sense of individuals which varies from person to person.

Ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on.

A witness, though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross examination by counsel and out of

nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The sub- conscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him.

A former statement though seemingly inconsistent with the evidence need not necessarily be sufficient to amount to contradiction. Unless the former statement has the potency to discredit the later statement, even if the later statement is at variance with the former to some extent it would not be helpful to contradict that witness.

[See ***Bharwada Bhoginbhai Hirjibhai v. State of Gujarat***, 1983 Cri LJ 1096 : AIR 1983 SC 753, ***Leela Ram v. State of Haryana***, AIR 1999 SC 3717, and ***Tahsildar Singh v. State of UP***, AIR 1959 SC 1012]

**28.** To put it simply, in assessing the value of the evidence of the eye- witnesses, two principal considerations are whether, in the circumstances of the case, it is possible to believe their presence at the scene of occurrence or in such situations as would make it possible for them to witness the facts deposed to by them and secondly, whether there is anything inherently improbable or unreliable in their evidence. In respect of both these considerations, the

circumstances either elicited from those witnesses themselves or established by other evidence tending to improbabilise their presence or to discredit the veracity of their statements, will have a bearing upon the value which a Court would attach to their evidence. Although in cases where the plea of the accused is a mere denial, yet the evidence of the prosecution witnesses has to be examined on its own merits, where the accused raise a definite plea or puts forward a positive case which is inconsistent with that of the prosecution, the nature of such plea or case and the probabilities in respect of it will also have to be taken into account while assessing the value of the prosecution evidence.

**30.** In the aforesaid context, we may refer to a decision of this Court in the case of **State of U.P. v. Anil Singh, AIR 1988 SC 1998**, wherein in para 15, it is observed thus :

"15. It is also our experience that invariably the witnesses add embroidery to prosecution story, perhaps for the fear of being disbelieved. But that is no ground to throw the case overboard, if true, in the main. If there is a ring of truth in the main, the case should not be rejected. It is the duty of the court to cull out the nuggets of truth from the evidence unless there is reason to believe that the inconsistencies or falsehood are so glaring as utterly to destroy confidence in the witnesses It is necessary to remember that a Judge does not preside over a criminal trial

merely to see that no innocent man is punished. A Judge also presides to see that a guilty man does not escape. One is as important as the other Both are public duties which the Judge has to perform.”

આમ, ઉપરોકત ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેતા તેમાંથી એવુ પ્રસ્થાપિત થાય છે કે સાક્ષી પોતાનુ કથન માનવામાં નહિં આવે તેના કારણસર ફરીયાદ પક્ષના કેસમાં વધારાનુ ભરતકામ કરીને કથનો કરતા હોય છે. પરંતુ તે માત્ર  કારણસર  વધારાની હકીકતો જણાવવાથી ફરીયાદ પક્ષનો કેસ ફેંકી શકાય નહિં અને જો મુખ્ય ભાગમાં સત્યની રીંગ જણાઈ આવતી હોય તો કોર્ટની તે ફરજ છે કે, પુરાવાનુ વિશ્લેષણ કરી સત્ય જુદુ પાડવુ અને જે અસંગતતા હોય તેને ધ્યાને લેવી નહિં. વધુમાં ફોજદારી કેસમાં ન્યાયધીશે માત્ર એ જોવાનુ રહેતુ નથી કે કોઈ નિર્દોષ વ્યકિતને સજા થઈ ન જાય. પરંતુ દોષિત વ્યકિત છટકી ન જાય તે પણ જોવાનુ હોય છે. જયારે હાલના કેસમાં ફરીયાદીએ તેમની સરતપાસમાં બનાવ ની તારીખ, બનાવનુ સ્થળ,બાબતે ચોકકસ પ્રકારનો પુરાવો આપેલ છે. વધુમાં સરતપાસની હકીકતમાં ફરીયાદી ઈજા પામનાર બનાવ નજરે જોનાર સાહેદે પોતે  શેઢો ખેડયો ન હોવા છતા મારો શેઢો કેમ ખેડી નાખ્યો તેમ કહી ચાલુ ટ્રેકટરમાથી જ આરોપી નરવત પ્રભાત અને દલપતપ્રભાત નાઓએ ફરીયાદીને ખેંચીને નીચે પાડી દીધેલા અને લાકડીઓથી ફરીયાદીને આખા શરીરે માર મારેલો તેવી હકીકત જણાવી છે જેથી સાહેદે પોતાના પુરાવાથી વધુ વિશેષ હકીકત વાળો પુરાવો આપેલો નથી જે હકીકત જણાવી છે તે સત્ય જ જણાવી હોવાનુ મળી આવે છે. ફરીયાદીએ તેવુ હથીયાર ઓળખી બતાવેલ

નથીપરંતુ ફરીયાદીએ બંને આરોપીઓએ પોતાને લાકડીઓથી આખા શરીરે માર મારેલો તેવી હકીકત સ્પષ્ટ જણાવી છે ત્યારે જયારે કોઈ વ્યકિતને બે વ્યકિતઓ ધ્વારા લાકડીઓથી માર મારવામા આવી રહયો હોય ત્યારે ફરીયાદીએ તેટલી હકીકત તો સ્પષ્ટ જણાવી છે કે આરોપીઓ ધ્વારા લાકડીઓથી માર મારવામા આવેલો ત્યારે કોઈ માર ખઈ રહેલો વ્યકિત તેવી લાકડીઓ કેટલા માપની હતી કે કેવા રંગની હતી વિગેરે હકીકત માર ખાતા ખાતા ઓળખી શકે નહિ તે સ્વાભાવિક છે પરંતુ ફરીયાદી બંને આરોપીઓ ધ્વારા લાકડીઓથી આખા શરીરે માર મારવામા આવેલો હોવાની હકીકત ને સ્પષ્ટ વળગી રહેલા છે તેમજ ફરીયાદીએ તેવી જે હકીકત જણાવી છે તેનુ ફરીયાદીની ઉલટ તપાસમાં ખંડન થાય તેવી કોઈ હકીકત આવેલ નથી તે સંજોગોમાં ફરીયાદીના મૌખિક પુરાવામાં સત્યની રીંગ હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે અને તે ઉપરથી આરોપીઓ એ ફરીયાદીને લાકડીઓથી આખા શરીરે માર મારેલ હોવાનુ અને ઈજા પહોંચાડેલ હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે.

ફરીયાદીએ આરોપી ધ્વારા તેઓને કોઈ અપશબ્દો કે બીભત્સ ગાળો આપેલી હોય અથવા તો જાનથી મારી નાખવાની કોઈ ધમકી કે દહેશત પહોંચાડેલી હોય તેવુ કોઈ કથન પુરાવામા કરેલ નથી. વધુમાં આ સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના '' **નરોતમદાસ કાળીદાસ પટેલ વિ.... ગુજરાત રાજય '' ૧૯૭૩ જી.એલ.આર. પા.નં. પ૨૨** નો ચુકાદો જોવામાં આવે તો તેમાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, માત્ર ગાળો આપવામાં આવે તે કારણે ભારતીય દંડ સંહીતાની કલમ–પ૦૪ મુજબ નો ગુન્હો બને છે તેમ કહી શકાય નહિં. કલમની વ્યાખ્યા પ્રમાણે ગુન્હો ત્યારે જ બને કે જયારે તેવા શબ્દોના

કારણે સામી વ્યકિતને તેવો ગુન્હો કરવા ઉશ્કેરે અથવા જાહેર શાંતિ નો ભંગ કરવા ઉશ્કેરાય અથવા તેવા શબ્દોના કારણે વ્યકિત ઉશ્કેરાઈ ને શાંતિનો ભંગ કરી બેસશે તેવી સંભવિતતા જણાતી હોય.

વધુમાં આઈ.પી.સી. કલમ–૫૦૬(૨) ના આક્ષેપ અન્વયે **નામદાર બોમ્બે હાઈકોર્ટ સમક્ષના '' મહારાષ્ટ્ર રાજ્ય વિ.... પ્રકાશ માને '' ૧૯૮૦ ક્રિમીનલ લો રીપોર્ટર (મહારાષ્ટ્ર) પા.નં. ૧૪૬** નો ચુકાદો જોવામાં આવે તો તેમાં કહેવાતી ધમકી આપવામાં આવી તે કારણે  ફરીયાદી તાત્કાલીક સાવચેત થઈ ગયા ન હતા તથા કહેવાતા બનાવ બાદ ફરીયાદી તેમની અીધકૃત ફરજ યોગ્ય રીતે બજાવવા લાગ્યા હતા તે કારણસર કલમ–૫૦૬(૨)મુજબનો ગુન્હો બન્યો છે તેવુ કહી શકાય નહિં તેવુ ઠરાવવામાં આવેલ. હાલના કેસમાં પણ ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલી છે કે, આ કામના આરોપીઓ અમારા કુટુંબી છે અને એકજ ગામમા રહીએ છીએ ત્યારે હાલના બનાવ બાદ પણ કોઈ બનાવ બનેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તે સંજોગોમા ફરીયાદીના મૌખિક પુરાવા આધારે ફરીયાદી કે સાહેદો આરોપીઓની ધમકીના ડર હેઠળ જીવી રહયા હોવાનુ મળી આવતુ નથી અને તે સંજોગોમા ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર આરોપીઓ સામે આઈ.પી.સી.કલમ–૫૦૪,૫૦૬(૨) મુજબની હકીકત પુરવાર થતી નથી.

**(૧૨)** ત્યારબાદ ફરીયાદપક્ષ ના અન્ય મહત્વના ફરીયાદીને વધુ મારમાંથી છોડાવનાર સાહેદ વિકાસભાઈ બળવંતભાઈ બારીયાને ફરીયાદપક્ષે આંક–૨૧ થી તપાસેલ છે. સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ

છે કે,'' બનાવ ૨૦૨૨ ના વર્ષમા બનેલો. બનાવના દિવસે હું ટ્રેકટર લઈને અમારા ખેતરમા ખેડવા માટે ગયેલો ત્યારે હું જમવાનો ટાઈમ થઈ ગયેલ હોઈ જમવા બેઠેલો અને મારુ ટ્રેકટર પરષોતમને ખેડવા આપેલુ  ત્યારે આ નરવત અને તેમના છોકરા દલપતે આ પરષોતમને નીચે ઉતારી મારેલો ત્યારે પોતે તથા પરેશે આ પરષોતમને વધુ મારવામાંથી છોડાવેલો અને ઘરેથી બધાને બોલાવી ૧૦૮ બોલાવી ઘોઘંબા સરકારી દવાખાને સારવાર માટે લાવેલા અને ત્યારબાદ વધુ સારવાર માટે રણજીતનગર લઈ ગયેલા અને ફરી બીજા દિવસે પણ રણજીતનગર સારવાર માટે લઈ ગયેલા ત્યારે બોટલ ચડાવી સાંજે ઘરે લઈ ગયેલા બનાવ સબંધે પોલીસે મારી પુછપરછ કરેલી તેવી હકીકત જણાવી છે.

આમ, સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામા આરોપી નરવત અને તેમના છોકરા દલપતે ફરીયાદી પરષોતમને ટ્રેકટર ઉપરથી નીચે ઉતારી માર મારેલો તેવી હકીકત સાહેદના સોગંદ ઉપરના પુરાવાથી સ્પષ્ટ થાય છે.

હવે સાહેદ ની બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમા બચાવ પક્ષે સાહેદની ઉલટ તપાસ ધ્વારા સાહેદે બનાવ નજરે જોયેલો નહિ હોવાની તથા બનાવ બની ગયા બાદ બનાવ સ્થળે પહોંચેલા હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલો છે. સાહેદ ને બચાવપક્ષે ઉલટ તપાસમા કરવામા આવેલા સવાલોના જવાબમા સાહેદે એ હકીકત સ્પષ્ટ જણાવી છે કે, '' એ વાત ખરી નથી કે બનાવ વખતે હું જમતો હોય કોણે કોને શું માર્યુ તે મે જોયેલુ નહિ. સાહેદ જણાવે છે કે, મે જોયેલુ અને બંને આરોપીઓએ એટલે કે દલપત અને નરવતે પરષોતમને લાકડી મારેલી તેવી હકીકત સ્પષ્ટ

જણાવી છે. વધુમા બચાવ પક્ષે સાહેદ ને લાકડી આશરે કેટલા ફુટની હશે તેવો પણ સવાલ કરતા તેના જવાબમા સાહેદે ૩ ફુટ ની હોવાનુ જણાવેલ છે.

આમ, સદર સાહેદનો પુરાવો જોતા સાહેદે જુબાનીના પુરાવામા માત્ર આરોપી નરવત અને તેના છોકરા દલપતે પરષોતમને ટ્રેકટર ઉપરથી નીચે ઉતારી માર મારેલો તેટલો જ સાહેદે પુરાવો આપેલો હતો સાહેદે પુરાવાથી આરોપીઓએ કયા હથીયારથી માર માર્યો તે વિશે કોઈ હકીકત જણાવી ન હતી પરંતુ બચાવ પક્ષે જ જે હકીકત ફરીયાદપક્ષે નિ:શંક પુરવાર કરવી પડે તે હકીકત સાહેદની ઉલટ તપાસથી તે હકીકત સબંધે સવાલો પુછી પોતાના બચાવ નુ જાતે જ હનન કરી આરોપીઓએ ફરીયાદી પરષોતમ ને લાકડીથી જ માર મારેલો હોવાની અને તે ત્રણ ફુટ ની લાકડી હોવાની હકીકત સ્પષ્ટ પુરવાર કરી દીધી છે જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને સ્પષ્ટ અને સીધો જ અસરકારક રીતે સફળ બનાવી દે છે.અને તે સંજોગોમા બચાવ પક્ષે સાહેદની ઉલટ તપાસથી ફરીયાદી પરષોતમને ખેતરમા મોટા રોડ હોય અને તે રોડાની ઠોકર વાગતા પડી જાય અને ઈજા થાય તેવો જે બચાવ લેવાનો પ્રયત્ન કરેલો છે તે ટકવાપાત્ર રહેતો નથી.

આમ, સદર સાહેદ ફરીયાદીના કોઈ સગા વ્હાલા હોય કે અન્ય કોઈ રીતે હીત ધરાવતા રસ ધરાવતા સાહેદ હોય તેવુ મળી આવતુ નથી. કે સાહેદને આરોપી સાથે કોઈ પુર્વગ્રહ હોય અને સોગંદ ઉપર ખોટી જુબાની આપી રહયા હોય તેવુ માનવા ને પણ કોઈ કારણ જણાતુ નથી. સાહેદનો પુરાવો જોઈએ તો સાહેદે ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદીના પુરાવા ની હકીકત ને સ્પષ્ટ સમર્થનકારી પુરાવો રજુ

કરેલો છે.વધુમાં સદર કામના ફરીયાદી પરષોતમભાઈ ને ઈજા થતા પ્રથમ ઘોઘંબા સરકારી દવાખાને અને ત્યારબાદ રણજીતનગર દવાખાને અને બીજા દિવસે પણ રણજીતનગર દવાખાને સારવાર માટે લઈ ગયેલા હોવાની હકીકત ને સ્પષ્ટ સમર્થન આપેલ છે આમ, સાહેદનો સદર પુરાવો જોતા ફરીયાદની હકીકત ને તેમજ ફરીયાદી સાહેદના પુરાવાની હકીકત ને સ્પષ્ટ સમર્થન આપેલ છે. આરોપી પક્ષે કરવામાં આવેલી સાહેદની ઉલટ તપાસથી પણ સાહેદના પુરાવાને મજબુતાઈ મળેલી છે વિરુધ્ધની કોઈ ખંડનાત્મક હકીકત નીકળી આવ નથી ત્યારે પણ સાહેદનો પુરાવો જોતા આરોપી વિરુધ્ધના ઈ.પી.કો.કલમ–૩૨૩,૧૧૪ મુજબનો ગુન્હાની હકીકતો ને સ્પષ્ટ સમર્થન મળી આવતુ હોઈ સાહેદનો પુરાવો નહિ માનવા ને કોઈ કારણ નથી.

જો કે, સાહેદે એ વાત ખરી છે કે, મેં મારા પોલીસ જવાબમા આરોપીઓ તેવી ગાળો બોલેલા તે લખાવેલ નહિ તેવી હકીકત સ્વીકારી છે તેમજ સાહેદે પુરાવાથી પણ તેવા કોઈ શબ્દો જણાવેલા નથી કે આરોપીઓએ ધમકી આપી તે બાબતે પણ કોઈ પુરાવો આપેલો નથી ઉલટ બચાવપક્ષની ઉલટ તપાસમા એ વાત ખરી છે કે, આ આરોપી અને ફરીયાદી હાલમા પણ એકજ ગામમા રહે છે તેવી હકીકત સ્વીકારી છે ત્યારે પણ સાહેદના પુરાવાથી ફરીયાદી કે સાહેદો આરોપીઓની ધમકી હેઠળ જીવી રહયા હોવાનુ મળી આવતુ નથી અને આમ સદર સંજોગોમા સાહેદના પુરાવાથી આરોપી વિરુધ્ધના ઈ.પી.કો. કલમ–૫૦૪,૫૦૬ મુજબના ગુન્હા અન્વયેની હકીકત ને સમર્થન મળી આવતુ નથી.

(૧૩) હવે ફરીયાદપક્ષ ના અન્ય બનાવમા વચ્ચે પડી છોડાવનાર એવા મહત્વના સાહેદ પરેશકુમાર વખતસિંહ બારીયા ને આંક–૩૪ થી તપાસેલા છે. સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામા બનાવ તા. ૩૦–૦૬–૨૦૨૨ ના રોજ બપોરના બે વાગ્યાના ગાળામા બનેલો. બનાવના દિવસે હું તથા વિકાસ ખેતરમા હતા ત્યારે મારા કાકા ખેતર ખેડતા હતા ત્યારે પરષોતમભાઈ મારુ ટીફીન લઈને આવેલા અને અમે જમવા બેઠેલા હતા ત્યારે નરવત પ્રભાત તથા દલપત નરવતનાઓ મારા કાકા પરષોતમભાઈ સાથે મારકુટ થયેલી ત્યારબાદ અમે સ્થળ પર ગયેલા અને ત્યા જઈને જોયુ તો મારા કાકા પરષોતમભાઈને મારેલુ હતુ તેવુ મે જોયેલુ કોને મારેલુ તેની પોતાને ખબર નથી. મારા કાકા ને ૧૦૮ બોલાવી તેમને ઘોઘંબા સરકારી દવાખાને લાવેલા ત્યારબાદ એમને વધુ સારવાર માટે રણજીતનગર લઈ ગયેલા. બનાવ બાબબતે પોલીસે મારો જવાબ લીધેલો તેવી હકીકત જણાવી છે.

આમ, સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામા આરોપી નરવત અને તેમના છોકરા દલપતે ફરીયાદી પરષોતમ સાથે મારકુટ થયેલી અને પોતે સ્થળ પર જઈને જોતા પોતાના કાકા પરષોતમને મારેલુ હોવાનુ પોતે જોયેલુ કોને મારેલુ તેની પોતાને ખબર નથી તેવી હકીકત સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવે છે.

પરંતુ સાહેદ ની બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમા બચાવ પક્ષે સાહેદની ઉલટ તપાસ ધ્વારા સાહેદે બનાવ નજરે જોયેલો નહિ હોવાની તથા બનાવ બની ગયા બાદ બનાવ સ્થળે પહોંચેલા હોવાની તેમજ કયા આરોપીએ કયા હથીયારથી મારેલુ તે જોયેલુ નહિ હોવાની યાને કે સાહેદે બનાવ નજરે જોયેલો નહિ હોવાની અને ઈજા પામનાર સાહેદ પરષોતમભાઈ સાહેદના કાકા થતા હોઈ સાહેદ

તેમને સમર્થન આપવા સાહેદે બનાવ નજરે જોયેલો નહિ હોવા છતા ખોટો પુરાવો આપી રહયા હોવાની કીકત રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલો છે. સાહેદ ને બચાવપક્ષે ઉલટ તપાસમા કરવામા આવેલા સવાલોના જવાબમા સાહેદે એ હકીકત સ્પષ્ટ જણાવી છે કે, ''એ વાત ખરી નથી કે કોણે શું માર્યુ તે મને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ દલપતભાઈ એ લાકડી મારેલી તેવી હકીકત સ્પષ્ટ જણાવી છે.

આમ, સદર સાહેદનો પુરાવો જોતા સાહેદે જુબાનીના પુરાવામા માત્ર આરોપી નરવત અને દલપતે પરષોતમભાઈ સાથે મારકુટ થયેલી અને પરષોતમભાઈને મારેલુ સાહેદે જોયેલુ તેટલો જ સાહેદે પુરાવો આપેલો હતો સાહેદે પુરાવાથી આરોપીઓએ કયા હથીયારથી માર માર્યો તે વિશે કોઈ હકીકત જણાવી ન હતી પરંતુ બચાવ પક્ષે જ જે હકીકત ફરીયાદપક્ષે નિ:શંક પુરવાર કરવી પડે તે હકીકત સાહેદની ઉલટ તપાસથી તે હકીકત સબંધે સવાલો પુછી પોતાના બચાવ નુ જાતે જ હનન કરી આરોપી દલપત એ ફરીયાદી પરષોતમ ને લાકડીથી જ માર મારેલો હોવાની હકીકત સ્પષ્ટ પુરવાર કરી દીધી છે જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને સ્પષ્ટ અને સીધો જ અસરકારક રીતે સફળ બનાવી દે છે.અને તે સંજોગોમા બચાવ પક્ષે સાહેદની ઉલટ તપાસથી સાહેદે બનાવ નજરે જોયો નહિ હોવાની જે હકીકત રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલો છે તે આરોપી પક્ષનો બચાવ ટકવાપાત્ર રહેતો નથી.

આમ, સદર સાહેદ હીત ધરાવતા રસ ધરાવતા સાહેદ છે પરંતુ સાહેદે પુરાવાથી જે હકીકત જણાવી છે તે જોતા સાહેદને આરોપી સાથે કોઈ પુર્વગ્રહ હોય અને સોગંદ ઉપર

ખોટી જુબાની આપી રહયા હોય તેવુ માનવા ને પણ કોઈ કારણ જણાતુ નથી. સાહેદનો પુરાવો જોઈએ તો સાહેદે ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદીના પુરાવા ની હકીકત ને સ્પષ્ટ સમર્થનકારી પુરાવો રજુ કરેલો છે.વધુમાં સદર કામના ફરીયાદી પરષોતમભાઈ ને ઈજા થતા પ્રથમ ઘોઘંબા સરકારી દવાખાને અને ત્યારબાદ રણજીતનગર દવાખાને સારવાર માટે લઈ ગયેલા હોવાની હકીકત ને સ્પષ્ટ સમર્થન આપેલ છે આમ, સાહેદનો સદર પુરાવો જોતા ફરીયાદની હકીકત ને તેમજ ફરીયાદી સાહેદના પુરાવાની હકીકત ને સ્પષ્ટ સમર્થન આપેલ છે. આરોપી પક્ષે કરવામાં આવેલી સાહેદની ઉલટ તપાસથી પણ સાહેદના પુરાવાને મજબુતાઈ મળેલી છે વિરુઘ્ધની કોઈ ખંડનાત્મક હકીકત નીકળી આવતી નથી ત્યારે પણ સાહેદનો પુરાવો જોતા આરોપી વિરુઘ્ધના ઈ.પી.કો.કલમ-૩૨૩,૧૧૪ મુજબનો ગુન્હાની હકીકતો ને સ્પષ્ટ સમર્થન મળી આવતુ હોઈ સાહેદનો પુરાવો નહિ માનવા ને કોઈ કારણ નથી.

જો કે, સાહેદે પુરાવાથી આરોપીઓ કેવી ગાળો બોલેલા તેવા કોઈ શબ્દો જણાવેલા નથી કે આરોપીઓએ ધમકી આપી તે બાબતે પણ કોઈ પુરાવો આપેલો નથી ત્યારે પણ સાહેદના પુરાવાથી ફરીયાદી કે સાહેદો આરોપીઓની ધમકી હેઠળ જીવી રહયા હોવાનુ મળી આવતુ નથી અને આમ સદર સંજોગોમા સાહેદના પુરાવાથી આરોપી વિરુઘ્ધના ઈ.પી.કો. કલમ-૫૦૪,૫૦૬ મુજબના ગુન્હા અન્વયેની હકીકત ને સમર્થન મળી આવતુ નથી.

(૧૪) ત્યારબાદ આ કામમાં ફરીયાદ પક્ષે આંક-૨૯ થી ડોકટર સાહેદ જય મુકતીલાલ શાહ ને તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ જોવામાં આવેતો તેઓએ જણાવેલ છે કે, '' હું ઘોઘંબા તાલુકા

ખાતે રણજીતનગર સરકારી દવાખાનામા ૨૦૨૨ મા મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ગઈ તા. ૦૧/૦૭/૨૦૨૨ ના રોજ મારી ફરજ પર હતો ત્યારે વાવ (ઝોઝ) ગામના પરષોતમભાઈ અનસીંગ બારીઆ ઉ.વ.૨૬, મારા મારીના કેસ તરીકે ઓ.પી.ડી. નં. ૬૫૭૭ થી મારી સમક્ષ પોલીસ યાદી સાથે આવેલા હતા તેઓને ઈતિહાસમા પુછતા જણાવેલ કે આગલા દિવસે લાકડી વડે મારા મારી થયેલી અને અમો પોલીસ સ્ટેશન ફરીયાદ આપ્યા બાદ સારવાર કરાવવા આવેલ છીએ. જેઓને તપાસતા ૧) પીઠના તથા છાતીના ભાગે ઘણા બધા અસંખ્ય રતાશ પડતા ચકામા હતા. ૨) તેમને બંને પગના સાથળના પાછળના ભાગે લાકડીથી માર મારેલાના ચોખ્ખા નિશાન દોઈ આવતા હતા. ૩) તેમને ડાબા હાથે કોણીથી હથેળીના ભાગ સુધી લાકડીથી મારેલાના ચોખ્ખા નિશાન દેખાઈ આવતા હતા. ૪) તેમને ડાબા હાથની અંગુઠા અને પહેલી આંગળી વચ્ચેના ભાગે લોહી જામ થઈ ગયેલ હોય તેવુ લાગતુ હતુ. ૫) તેમનુ બી.પી. તથા ઓકસીજન લેવલ ચકાસી સારવાર કરેલી. ઉપરની ઈજા ચોવીસ કલાકની અંદરની હતી જે લાકડી વડે થઈ શકે તેવી હતી. જો કોઈ કોમ્પ્લેકશન ન આવે તો૭ થી ૧૦ દિવસમા સારી થઈ શકે તેવી હતી. દર્દીની મારા ત્યાં કરવામા આવેલ સારવાર બાબતે એમ.એલ.સી. સર્ટિફિકેટ કેસ નં. ૩૦/૨૦૨૨ મે મારા હસ્તાક્ષરમા તૈયાર કરેલ જેમા મારી સહી કરી આપેલ જે એમ.એલ.સી. સર્ટિફિકેટ ની રજુ દાખલ આંક−૩૦ આપવામા આવે છે તેવી હકીકત જણાવી છે.

સાહેદની બચાવપક્ષે કરવામા આવેલી ઉલટ તપાસમા સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ ઈજા

પામનાર મારા પાસે બીજા દિવસે સારવાર માટે આવેલા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવેલા છે અને તે આધારે બચાવ પક્ષ બનાવ તા. ૩૦–૬ નારોજ બનેલો અને તેની સારવાર તથા બનાવની ફરીયાદ તા. ૧ –૭– ના રોજ કરાવેલી હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલો છે. પરંતુ ફરીયાદી સાહેદ વિચલીત થયેલા નથી. એફ.આઈ.આર જોઈએ તો, બનાવ તા. ૩૦–૦૬–૨૦૨૨ ના રોજ ૧૫–૦૦ કલાકે બનેલો હોવાની હકીકત છે. જયારે બનાવની પોલીસ મથકે જાણ કર્યા ની યાને કે ફરીયાદ તા. ૦૧–૦૭–૨૦૨૨ ના રોજ ૦૦–૧૦ કલાક ના સુમારે સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૨/૨૨ થી થયેલી હોવાની હકીકત જોવા મળે છે. હવે તે સંદર્ભે રજુ થયેલ મેડીકલ સર્ટીફિકેટ જોતા આંક–૩૦ થી રજુ થયેલ છે જે તા. ૩૦–૦૬–૨૦૨૨ ના રોજનુ હોવાનુ મળી આવે છે મેડીકલ સર્ટીફિકેટ ની હકીકત જોતા ઈજા પામનાર પી.એસ.આઈ. રાજગઢ પોલીસ સ્ટેશન ની તા. ૦૧–૦૭–૨૦૨૨ ની યાદી સાથે રણજીતનગર મુકામે સારવાર માટ ગયેલા હોવાનુ મળી આવેલ છે ત્યારે પણ બચાવપક્ષનો તેવો બચાવ ટકવાપાત્ર રહેતો નથી. અને ઘડીભર માની લઈએ કે, ફરીયાદીએ બનાવ તા. ૩૦–૦૬–૨૦૨૨ ના રોજ બનેલો અને તેની ફરીયાદ તા. ૦૧–૦૭–૨૦૨૨ ના રોજ આપેલી તો પણ ફરીયાદી સારવાર માટે રોકાયેલા હોવાનુ સ્પષ્ટ મળી આવે છે અને તે સંજોગોમા પણ મોડી ફરીયાદ આપવાનો બચાવ આરોપી પક્ષ ને ઉગારી શકતો નથી કે તેવી મોડી ફરીયાદ જો ફરીયાદપક્ષે રજુ કરી હોત તો તે ફરીયાદપક્ષ માટે ઘાતક સાબીત થતુ નથી.

ત્યારે ઉપરોકત ડોકટર સાહેદના પુરાવા બાબતે ચર્ચા કરવામાં આવે તો તેઓ ડોકટર સાહેદ છે અને તેમનો પુરાવો એક નિષ્ણાંત ડોકટરે આપેલ પુરાવા તરીકે જોવાનો રહે છે જયારે નિષ્ણાંતના પુરાવામાં અને નજરે જોનાર સાહેદે આપેલ પુરાવામાં કોઈ વિરોધાભાસ હોય તો નજરે જોનાર સાહેદ તરીકે ઓકયુલર વિટનેસ નો પુરાવો ધ્યાને લેવાનો રહે છે આ ડોકટર સાહેદનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદી તા. ૦૧/૦૭/૨૦૨૨ ના રોજ ઓ.પી.ડી. નં. ૬૫૭૭ થી ડોકટર સાહેદ  સમક્ષ પોલીસ યાદી સાથે આવેલા હતા તેઓને ઈતિહાસમા પુછતા જણાવેલ કે આગલા દિવસે લાકડી વડે મારા મારી થયેલી અને અમો પોલીસ સ્ટેશન ફરીયાદ આપ્યા બાદ સારવાર કરાવવા આવેલા હોવાની  જેઓને તપાસતા ૧) પીઠના તથા છાતીના ભાગે ઘણા બધા અસંખ્ય રતાશ પડતા ચકામા હતા. ૨) તેમને બંને પગના સાથળના પાછળના ભાગે લાકડીથી માર મારેલાના ચોખ્ખા નિશાન દોઈ આવતા હતા. ૩) તેમને ડાબા હાથે કોણીથી હથેળીના ભાગ સુધી લાકડીથી મારેલાના ચોખ્ખા નિશાન દેખાઈ આવતા હતા. ૪) તેમને ડાબા હાથની અંગુઠા અને પહેલી આંગળી વચ્ચેના ભાગે લોહી જામ થઈ ગયેલ હોય તેવુ લાગતુ હતુ. ૫) તેમનુ બી.પી. તથા ઓકસીજન લેવલ ચકાસી સારવાર કરેલી હોવાનુ પુરવાર થાય છે. વધુમાં ફરીયાદીએ આપેલ તેઓ સમક્ષ આપેલ ઈતિહાસમા પુછતા જણાવેલ કે આગલા દિવસે લાકડી વડે મારા મારી થયેલી તેવુ જણાવવામાં આવેલ છે. વધુમાં ડોકટર સાહેદે  ઉપરની ઈજા ચોવીસ કલાકની અંદરની હતી જે લાકડી વડે થઈ શકે તેવી હતી. અને સાદી ઈજા હોવાનુ જણાવેલ છે. પરંતુ ડોકટર સાહેદે પોતાની ઉલટ

તપાસના માધ્યમથી તેવી ઈજા પામનાર ને થયેલી ઈજા બોથડ પદાર્થ ઉપર પડી જવાથી સંભવી શકે  તેવી હકીકત સ્વીકારી છે પરંતુ જયારે ઈજા પામનાર પોતાની હીસ્ટ્રીમા પોતાને કેવી રીતે ઈજા થયેલી તે સ્પષ્ટ જણાવતા હોય અને તે રીતે હાલના ફરીયાદી ઈજા પામનારે પણ ડોકટર સાહેદ આગલા દિવસે લાકડી વડે મારામારી થયેલી તેમા ઈજા થયેલી હોવાનુ સ્પષ્ટ હીસ્ટ્રીમા જણાવતા હોય ત્યારે તેવી ડોકટર સાહેદે બોથડ પદાર્થ પર પડી જવાથી આવી ઈજાઓ સં ભવી શકે તેવુ જે અનુમાન કરેલ છે તે માની લઈ શકાય તેમ નથી અને સાહેદે પુરાવાથી ઈજાઓનુ જે વર્ણન કરેલ છે તેમા પણ લાકડીથી મારેલાના ચોખ્ખા નિશાન દેખાઈ આવતા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલી હોય તે સંજોગોમા પણ ઈજા પામનાર બોથડ પદાર્થ ઉપર પડી ગયેલા અને હાલની ઈજાઓ થયેલી આરોપીએ કોઈ ઈજા પહોં ચાડેલી નહિ તેવુ માનવા ને કોઈ કારણ રહેતુ નથી અને તેવો આરોપી પક્ષનો બચાવ પણ ટકી શકતો નથી ત્યારે ડોકટર સાહેદના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને સ્પષ્ટ સમર્થન મળી આવે છે અને ઈજા પામનાર ને થયેલી ઈજાઓ લાકડી વડે મારવાથી જ થયેલી હોવાનુ સ્પષ્ટ પુરવાર થાય છે.

**(૧૫)** ત્યારબાદ આ કામમાં ફરીયાદ પક્ષે આંક–૨૬ થી પંચ સાહેદ કિરણભાઈ રમણભાઈ બારીયા ને તપાસેલા છે. આ સાહેદ તે આરોપીઓની શરીર સ્થિતિ તથા આરોપી પાસેથી કબજે લીધેલ મુદ્દામાલ હથીયાર એટલે કે, મુદ્દામાલ લાકડી રીકવર કરેલ તે અંગે કરવામાં આવેલા પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદે સદરહુ પંચનામામાં તેઓની માત્ર સહી હોવાનુ ઓળખી બતાવેલ છે અને તે પંચનામુ આંક–૨૭ થી રજુ થયેલ છે આ સાહેદને ફરી

ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારપછી ફરીયાદ પક્ષ ને પરવાનગી મળતા તેઓની ઉલટ તપાસ કરેલ છે પરંતુ તેમાંથી પણ કોઈ હકીકત બહાર આવેલ નથી ત્યારે પંચનામુ પંચ સાહેદના પુરાવાથી પુરવાર થતુ નથી.

(૧૬) જયારે ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ બચાવ પક્ષ તર્ફે કબુલ કરવામા આવતા આંક-૨૮ થી રજુ થયેલ છે. પરંતુ ફરીયાદપક્ષે પંચ સાહેદને તપાસી પંચનામુ પુરવાર કરેલ નથી છતા પંચનામુ જોતા તેનાથી હાલના આરોપીઓને સાંકળી શકાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી અને તે રીતે પંચનામા ફરીયાદપક્ષ ને મદદરુપ થતા નથી પરંતુ ફરીયાદી તથા સાહેદોના પુરાવા જોતા આરોપીઓએ ઈજા પામનાર પરષોતમભાઈ ને લાકડી વડે માર મારી ઈજા પહોંચાડી હોવાની હકીકત સ્પષ્ટ હોઈ તે સંજોગોમા પંચ સાહેદોનો પુરાવો ગૌણ બની જાય છે અને તે રીતે પણ પંચનામા લક્ષમા લેવા જરુરી નથી કે પંચનામાથી ફરીયાદપક્ષના કેસ ને કોઈ વિરુધ્ધની અસર ઉભી થતી હોય તેમ માનવુ જરુરી જણાતુ નથી.

(૧૭) ત્યારબાદ આ કામમાં ફરીયાદ પક્ષે આંક-૩૧ થી ત.ક.અ. કીર્તેશકુમાર નટવરલાલ ને તપાસવામા આવેલા છે. સદર સાહેદે પણ પોતાના સોગંદ ઉપરના પુરાવામા પોતાને આ ગુન્હાની તપાસ મળતા પોતે પંચોના લખાવ્યા મુજબ પંચનામા લખેલા અને સાહેદોના નિવેદનો લીધેલા હોવાની અને ઈજા પામનારના મેડીકલ સર્ટી તપાસ અર્થે કબજે રાખેલ હોવાની હકીકત ને તથા

આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ કરેલ હોવાની હકીકત ને સમર્થન આપેલ છે.

આ કામમાં આરોપી તર્ફેથી ત.ક.અધિકારીની ઉલટ તપાસ થયેલ છે જેમાં તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે,એ વાત ખરી નથી કે, પંચો રુબરુ કોઈ પંચનામુ કરેલ નથી. એ વાત ખરી નથી કે સાહેદોના લખાવ્યા મુજબ નિવેદનો લખેલા નથી. તેવી હકીકત સ્વીકારી છે. ત્યારે પણ સદર કામના ત.ક.અ. ધ્વારા પંચનામા પંચોની હાજરીમા કરેલ હોવાનુ જણાઈ આવે છે.

(૧૮) આ કામમાં આરોપી તર્ફેથી તપાસ કરનાર અધિકારીની ઉલટ તપાસમાં ફરીયાદ મોડી આપવા અંગે કોઈ સવાલ ઉઠાવેલો નથી. જો ખરેખર બચાવ પક્ષે તેવો કોઈ સવાલ ઉઠાવેલ હોત તો અગાઉ જે મેડીકલ સર્ટિફિકેટ ની હકીકત સબંધી ચર્ચા કરેલી છે તે હકીકત દુધની દુધ અને પાણીની પાણી થઈ જાત. ત્યારે પણ બચાવ પક્ષે તેવો મોડી ફરીયાદ ફરીયાદપક્ષે આપેલી છે તેવો બચાવ લેવાનુ સાહેદની ઉલટ તપાસમા ચાલાકીપૂર્વક ટાળેલુ હોવાને માનવા ને કારણ રહે છે.

વધુમા નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષનો **'' સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ વિ... કીશનપાલ '' ૨૦૦૮(૧૧) સ્કેલ પા.નં. ૨૩૩** ઉપર રીપોર્ટ થયેલ ચુકાદો જોવામાં આવે તો કોર્ટ સમક્ષ કોઈ હકીકત પુરવાર કરવા માટે પુરાવાની ગુણવતા મહત્વની છે, પુરાવાનો જથ્થો મહત્વનો નથી તેવુ પ્રસ્થાપિત કરેલ છે ત્યારે હાલના કેસમાં પણ ફરીયાદ પક્ષે જે સાહેદોનો પુરાવો રજુ કરેલ છે તેની ગુણવતા જોતા બનાવ સંદર્ભેની મહત્વની હકીકત અત્રેની કોર્ટ સમક્ષ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ છે.

(૨૧) હવે આ સંદર્ભે વધુમા જોઈએ તો, ઈ.પી.કો. કલમ–૩૨૩ ની જોગવાઈ અન્વયે ચર્ચા કરવામાં આવે તો તે સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોં ચાડવાની સજા બાબતે છે તેમાં જે જોગવાઈ છે તે મુજબ કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તો તે ગુન્હા અંગે સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

આ સંદર્ભે કલમ–૩૩૪ જોવામાં આવેતો તેમાં શરુઆતના શબ્દો મુજબ જો કોઈપણ વ્યકિત,ગંભીર અને ઓચિંતા ઉશ્કેરાટના કારણે સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તો તે સંદર્ભેની જોગવાઈ છે. ત્યારે હાલના કેસમાં ફરીયાદીએ આરોપીને કોઈ ઉશ્કેરાટ આપેલ હોય કે મારવા માટે ઉશ્કેરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે આરોપીઓએ ફરીયાદીને લાકડીઓથી તેમજ ગડદાપાટુનો માર મારી વ્યથા પહોંચાડવાનો જે ગુન્હો કરેલ છે તે ઈ.પી.કો.ની કલમ–૩૨૩ મુજબ નો ગુન્હો હોવાનુ નિ:શંક પણે પુરવાર થાય છે.

(૨૨) વધુમાં અગાઉ કરેલ ચર્ચા મુજબ ફરીયાદીએ આરોપી ધ્વારા સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાનીત થાય તેવા શબ્દો ઉચ્ચારેલા હોવાનુ કે આરોપીએ કહેવાતી ધમકી ઉચ્ચારેલ હોય તેનાથી ફરીયાદી તે દહેશતના કારણે તેમના કાર્યો યોગ્ય રીતે કરી શકેલ ન હોય તેવુ કોઈપણ રીતે પુરવાર થતુ નથી. જેથી આરોપી સામે ઈ.પી.કોડ ની કલમ–૫૦૪ કે ૫૦૬(૨) મુજબ ગુન્હો બનતો હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

(૨૩) આકામમાં આરોપી સામે જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આક્ષેપ છે. આસંદર્ભે ચર્ચા કરવામાં આવે તો ફરીયાદ પક્ષ ધ્વારા જીલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરાનુ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૩૭(૧) ની જોગવાઈ અન્વયે જાહેર હુકમની કોઈ નકલ રજુ કરેલ નથી.

વધુમાં જી.પી.એકટ ની કલમ–૧૫૫ જોવામાં આવે તો રાજય સરકાર કે મેજીસ્ટ્રેટ ધ્વારાતે કાયદા હેઠળ બહાર પાડેલ હુકમ કે જાહેરનામુ અને તેની પ્રસિધ્ધિની હકીકત તે જાહેરનામુ કે હુકમ જે ઓફીશીયલ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ હોય તેની નકલ વડે કે તેવી નકલ ઉપર મેજીસ્ટ્રેટ ની સહી વડે સાબીત કરી શકાય. હાલના કેસમાં જાહેરનામુ જ રજુ થયેલ નહોઈ તે સંજોગોમા જી.પી.એકટ ની કલમ –૧૩૫ મુજબના ગુન્હાની હકીકત આરોપી સામે ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૨૪) આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા મુજબ આ કામના આરોપીઓ એ ઈ.પી.કો.ની કલમ–૩૨૩,૧૧૪ મુજબ નો ગુન્હો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે જયારે આરોપીઓએ ઈ.પી.કો. ની કલમ–૫૦૪,૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ અને જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબ નો ગુન્હો કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી જેથી **મુદ્દા નં.૧ ની હકીકત અંશત: પુરવાર થતી હોઈ તેનો જવાબ ''અંશત: હકારમાં''** આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ સંદર્ભે નીચે મુજબ નો આખરી હુકમ ન્યાયના હિતમાં પસાર કરવામાં આવે છે.

**:: હુકમ ::**

- આકામના આરોપીઓ (૧)નરવતભાઈ પ્રભાતભાઈ બારીયા,(૨) દલપતભાઈ નરવતભાઈ બારીયા, રહે. ઝાબ, પુજાર ફળીયુ, તા.ઘોઘંબા, જી.પંચમહાલ નાઓને ક્રિ.પ્રો.કોડ ન કલમ–૨૪૮(૨) ની જોગવાઈ વંચાણે લેતા ઈન્ડીયન પીનલ કોડ–૧૮૬૦ ની કલમ–૩૨૩ તથા સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે.
- જયારે આ કામના આરોપીઓ (૧)નરવતભાઈ પ્રભાતભાઈ બારીયા,(૨) દલપતભાઈ નરવતભાઈ બારીયા, રહે. ઝાબ, પુજાર ફળીયુ,તા.ઘોઘંબા, જી.પંચમહાલ નાઓને ક્રિ.પ્રો.કોડ ની કલમ –૨૪૮(૧) ની જોગવાઈઓ વંચાણે લેતા ઈન્ડીયન પીનલ કોડ ની કલમ–૫૦૪,૫૦૬(૨),સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટ ની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સંદર્ભે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામમાં બંને પક્ષોને, આરોપીઓને ઈન્ડીયન પીનલ કોડ ની કલમ–૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ સંદર્ભે કરવાની થતી શિક્ષાના મુદ્દે સાંભળવા નો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–ઘોઘંબા.
તારીખ: /૦૭/૨૦૨૬ (એચ.એસ.લાંગા)
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઘોઘંબા.
કોડ નં. જી.જે.૦૧૦૦૦.

**સજા અંગે સાંભળ્યા બાદ.**

(૨૫) આ કામમાં આરોપીઓને આઈ.પી.સી. કલમ–૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબ તકસીરવાન ઠરાવ્યા બાદ બંને પક્ષોની સજા બાબતે મૌખિક દલીલો સાંભળવામાં આવી છે.

આરોપીના વિ.વ.શ્રી પી.એસ.ખેર નાઓએ મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે આરોપીઓ બાળ બચ્ચા વાળા ઈસમો છે. ખેતમજુરી કરી જીવન ગુજારો કરતા સામાન્ય પરીવારના માણસો છે તેમજ સમગ્ર પરીવારની જવાબદારી આરોપીઓ ઉપર છે. વધુમાં આરોપીઓ સામે બીજા કોઈ ગુન્હા રેકર્ડ ઉપર નથી. પ્રથમ વખતનો ગુન્હો છે, સામાન્ય બાબતે ગુન્હો કરી બેઠેલા છે ગુન્હા બદલ પસ્તાવો છે. જો આરોપીઓને જેલમા મોકલવામા આવશે તો કુટુંબ પરીવાર રઝડી પડશે વિગેરે હકીકતો જણાવી આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવા વિનંતિ કરેલી છે.

જયારે વિ.એ.પી.પી. શ્રી કામોળ નાઓ ધ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી સામે જયારે ગુન્હો પુરવાર થયેલ હોઈ ત્યારે સમાજમાં દાખલો બેસે તે માટે પુરેપુરી અને મહત્તમ સજા કરવી જોઈએ જેથી કરીને ભવિષ્યમાં બીજા આરોપીઓ આ પ્રકારો ગુન્હો કરતા અટકે.

(૨૬) આ કામમાં બંને પક્ષોની રજુઆત ધ્યાને લીધી. તેમજ આરોપીઓને આઈ.પી.સી.કલમ–૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુન્હામાં તકસીવાન ઠરાવેલા હોય ત્યારે તે સંદર્ભે સજાની જોગવાઈ જોતા બંને પૈકી કોઈ એક પ્રકારની એક વર્ષ સુધીની કેદની સજા અથવા રુા.૧૦૦૦/– સુધીનો દંડ અથવા બંને પ્રકારની સજાની જોગવાઈ કરવામાં આવેલી છે. હાલના કેસમાં

આરોપીપક્ષની રજુઆત ધ્યાને લેતા તેમજ રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતા આરોપી સામે બીજા કોઈ ગુન્હા રેકર્ડ ઉપર હોય તેવુ ફરીયાદ પક્ષ તરફથી રેકર્ડ રજુ કરેલ ન હોઈ તેમજ આરોપીઓએ ગુન્હા બદલ પસ્તાવો હોવાની હકીકત પણ જાહેર કરેલી છે ત્યારે આરોપી સામેનો ગુન્હો જોતા તે સંદર્ભે કેદની સજા નહિં કરતા માત્ર દંડની સજા કરવાનુ સમગ્ર રીતે ન્યાયોચિત જણાય છે. વધુમાં સીઆર.પી.સી.ની કલમ–૩૫૭ ધ્યાને લેતા અને તેમાં પેટા કલમ–૧ ની જોગવાઈ ધ્યાને લેતા તે દંડની રકમ આ કામના ફરીયાદી ભોગ બનનાર ને વળતર તરીકે આપવાનુ ન્યાયોચિત જણાય છે તેમ જો હુકમ કરવામાં આવે તો સમગ્ર રીતે ન્યાયનુ હિત જળવાઈ રહે તેમ છે. આરોપીઓએ કરેલ ગુન્હા સંદર્ભે તેઓને દંડ ભરવાની શિક્ષા કરવાથી તેઓને ગુન્હાનો અહેસાસ થાય તેમ છે અને ફરીયાદી ભોગબનનાર ને થયેલ વ્યથા સંદર્ભે તેઓને તે દંડની રકમ વળતર તરીકે ચુકવવાથી તેઓને પણ આર્થિક સહાય મળી રહે તેમ છે જેથી નીચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપીઓ (૧)નરવતભાઈ પ્રભાતભાઈ બારીયા,(૨) દલપતભાઈ નરવતભાઈ બારીયા, રહે.ઝાબ, પુજાર ફળીયુ, તા.ઘોઘંબા,જી.પંચમહાલ નાઓને ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૪૮(૨) ની જોગવાઈ વંચાણે લેતા ઈન્ડીયન પીનલ કોડ–૧૮૬૦ ની કલમ–૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને પ્રત્યેક આરોપીઓને તે સંદર્ભે રુા. ૧૦૦૦/–(અંકે રુપીયા એક હજાર પુરા) દંડ જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓ ઉપરોકત દંડ ની રકમ જમા ન કરાવે તો

તેઓને ૧ માસની સાદી કેદની શિક્ષા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જયારે આ કામના આરોપીઓ (૧)નરવતભાઈ પ્રભાતભાઈ બારીયા,(૨) દલપતભાઈ નરવતભાઈ બારીયા, રહે. ઝાબ, પુજાર ફળીયુ, તા.ઘોઘંબા, જી.પંચમહાલ નાઓને ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૪૮(૧) ની જોગવાઈઓ વંચાણે લેતા ઈન્ડીયન પીનલ કોડ ની કલમ–૫૦૪,૫૦૬(૨),તથા સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટ ની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સંદર્ભે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેછે.

(૩) આરોપીઓ ઉપરોકત દંડની રકમ જમા કરાવે તે આ કામના ફરીયાદી ભોગબનનાર ને સીઆર.પી.સી. કલમ–૩૫૭(૧) વંચાણે લેતા તે વળતર તરીકે અપીલ સમય પુરો થયા બાદ ચુકવવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) આ કામમાં કબજે લીધેલ મુદ્દામાલ લાકડીનો અપીલ સમય બાદ નાસ કરવાનો હુકમ કરવામા આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા.૨૧ માહે: જુલાઈ, સને: ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–ઘોઘંબા.
તારીખ: ૨૧/૦૭/૨૦૨૬

(એચ.એસ.લાંગા)
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઘોઘંબા.
કોડ નં. જી.જે.૦૧૦૦૦.

એન.એમ.વાળંદ.